## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ક્યાં પ્રણયમાં પામવાનું હોય છે!
આંખ મીંચી આપવાનું હોય છે.
સોણલાં આવે જ ક્યાંથી? કેમ કે,
રાત આખી જાગવાનું હોય છે.

- દીપલ ઉપાધ્યાય 'ફોરમ'

### પાથેય

- રમેશ ઠક્કર

## પ્રણયોર્મિ...

કોઈકની ચાહત એ ઈજાજતથી નથી મળતી એ માટેની ઈબાદત હોય છે.પ્રેમ માટે આપણે ત્યાં પ્રણય શબ્દ પ્રચલિત છે..એમાં પારખુ નજરનું મહત્વ હોય છે..પ્રણય પૂછીને થતો હોતો નથી !પૂછતાં પંડિત થવાય પણ પ્રેમી કદી ના થવાય..પ્રેમીઓ આપમેળે આકાર પામતા રહે છે..અને એટલે જ જગતમાં જયારે પણ કોઈ રસપ્રદ કથાઓનું આલેખન થાય છે ત્યારે એમાં પ્રેમ એ મુખ્ય ભાવ હોય છે..

કોઈ માણસ જયારે પ્રેમ કરે છે ત્યારે એ એમાં પડ્યો એમ કહેવાય છે ! વાસ્તવમાં એ ખરેખર પડી જવાની ઘટના છે.ઘણીવાર પ્રેમ અને યુધ્ધ બંનેને સરખાવી એમાં બધું જ યોગ્ય છે એવું કહેવામાં આવે છે..પણ સાવ એવું નથી હોતું.લડાઈ માટેના છળકપટ અને સ્નેહ માટેનું છાનુંછપનું એ બંને વચ્ચે ઘણો ફરક હોય છે.પાણીપત કે હલ્દીઘાટીનું યુધ્ધ લડવાની વ્યુહરચના ઘડી શકાય...પ્રેમનું યુધ્ધ જીતવાનું હોતું નથી..પીછેહઠ એ પ્રેમનો પુરસ્કાર છે..! પ્રેમને શુરાતન થકી નહી અફલાતુન આવિર્ભાવ થકી પામી શકાય..એટલે જ કદાચ આવું કહેવાયું હશે...

'છે ઘણા એવા કે જેઓ,યુગ પલટાવી ગયા
પણ ઘણા ઓછા હશે જે,પ્રેમમાં ફાવી ગયા..!'

પ્રીત ગલી ઘણી સાંકડી હોય છે.એમાં વિહરવા માટે સંયમ તો ઠીક પણ પૂરતી ધીરજ પણ જોઈએ..એની એક આગવી કેડી હોય છે..એ કોઈ ઉપક્રમ નથી.એનો કોઈ અભ્યાસક્રમ પણ નથી હોતો ! એ એક અનુભૂતિ છે..કોઈકને પામવું એ ઉપરછલ્લી જરૂરિયાત છે એ જયારે અન્યમાં ઓગળી જવાનો ઈલમ શીખી જાય ત્યારે જ પ્રણયમાં પરિણમે છે.

પ્રેમની એક મુરત હોય છે..સુરત નહી.પ્રત્યેક પ્રેમી માટે એનું મનગમતું પાત્ર ઈશ્વર જેવું હોય છે...એની ચાહતએ પૂજા સમાન..પરસ્પરનો વિશ્વાસ એ ભકિત..જે માણસ કોઈને ચાહી શકતો નથી એ ઈશ્વરના કોઈપણ સર્જનને સદભાવથી નિહાળી પણ શકતો નથી..ઈશ્વરનું મનોરમ્ય જગત માણવા આપણા દિલમાં ચાહતના ભાવો હોવા જરૂરી છે..ચાહવું એટલે સંકુચિત અર્થમાં વ્યકત થવું એવું નહી...સમુચિત અર્થમાં સમર્પિત થવું...જગતની સમગ્રતયાને સંવેદી કોઈપણ સુંદર બાબતના પ્રેમમાં પડવું એનું નામ ચાહત..

પ્રેમ આપણા વ્યક્તિત્વને આપણામાં રહેલી સુષુપ્ત શકિતઓને ઉચ્ચ આયામ આપે છે.જગતને ચાહવાની દ્રષ્ટિ આપે છે.પ્રણયને પામનાર માણસ એની વ્યાપકતાને સહજ આત્મસાત કરી લેતો હોય છે..કહેવાય છે કે જગતમાં સૌથી મોટી શોધ કે પરિકલ્પના એટલે ઈશ્વર! આપણને એને પામવાની ઈચ્છા હોય છે.આખો જન્મારો એ માટે ઓછો પડતો હોય છે.ખરા ભાવથી કોઈકને સતત ગમાડતા રહેવું એ જ લાગણીની ઉત્તમ અભિવ્યકિત છે.હકિકતમાં ચાહવું એટલે ઈશ્વર તરફ ચાલવું..એકમાંથી અનેક નહી એકાકાર થવું...જગતમાં પ્રણય ના હોત તો કશું જ ના હોત..એવું 'કલાપી' કહે છે એમાં સાચી પ્રણયોર્મિ છે...!!

# પુતિનનું તાંડવનૃત્ય અટકાવવું અનિવાર્ય

**તંત્રીસ્થાનેથી...**

યુગોથી માનવી માનવી સામે લડતો ઝઘડતો રહ્યા છે કયારેક એ લડાઈ જમીન માટે થઈ, કયારેક 'જર' માટે તો કયારેક જોરૂ કાજે. રશિયાના ખૂંખાર નેતાએ દેશને પુનઃ એના પૂર્વ ગૌરવની સ્થિતિમાં આણવા માટે ઘણી જહેમત ઉઠાવી છે. અમેરિકાએ નષ્ટભ્રષ્ટ કરી નાખેલ રશિયા ફરી વિશ્વના નકશામાં જબરદસ્ત તાકાત સાથે સ્થાપિત થઈ ચૂક્યું હતું પરંતુ પુતિન એની સરહદોની ચારેકોર અમેરિકા અને યુરોપિયન યુનિયનનાં સંયુક્ત પરિબળોથી પોતાના રાષ્ટ્રને સુરક્ષિત રાખવા માટે એક સમયના અખંડ સોવિયેતના ભાગ સમા યુક્રેનને આણ મનાવવાની જીદ લઈ બેઠા છે.સામે યુક્રેન પણ એના શક્તિશાળી પાડોશીની આણ નહીં સ્વીકારી પોતાના અલગ અને સ્વાયત્ત અસ્તિત્વ ખાતર જીવ સટોસટ જંગમાં ઊતર્યું છે. સાચું કે આક્રમણ રશિયાએ જ કર્યું છે. પરંતુ યુક્રેને એને એવું કરવા માટે પૂરતું ઉશ્કેર્યું છે. યુક્રેન 'નાટો' સાથે જોડાઈને રશિયાને સામી છાતીએ પકડારવા કૃતસંકલ્પ હતું. 'નાટો'માં એને પ્રવેશ ન અપાય એ રશિયન રાષ્ટ્રપતિની મહત્ત્વની શરત છે. યુદ્ધ શરૂ થયું એ પહેલાં પુતિને આંખો કાઢતા યુક્રેનને એની હેસિયતમાં રહેવાની તાકીદ જ કરી હતી. રશિયાએ અમેરિકા સામે બાપે માર્યા વેર છે અને અમેરિકા તો લુચ્ચું શિયાળ છે. એ આખી દુનિયાની જમાદારી કરતું ફરે છે. ગોર્બાચોવ અને યેલ્તસીન જેવા નબળા મનના નેતાઓ એની સામે ઝીંખ નહોતા ઝીલી શક્યા જેના પરિણામે અમેરિકાં કરતાં અંતરિક્ષ કે અણુ સંદર્ભે લગોલગ ચાલતું રશિયા ટુકડા ટુકડા થઈ ગયું છે. પુતિનના અંગત જીવન વિશે રંગીલી, રસીલી અને વૈભવવિલાસની વાતો સાચી હોય તો પણ એક રાષ્ટ્રપુરુષ તરીકે એમણે પોતાની અજોડ લાયકાત પુરવાર કરી છે. યુદ્ધ કયારેય આવકાર્યા હોઈ જ ન શકે. યુદ્ધની પ્રાપ્તિ તો લોહી, આંસુ અને ખુવારી જ રહેતી આવી છે. પરંતુ તેમ છતાં યુદ્ધો રોકી શકાતાં નથી. એ વધુ ને વધુ ખતરનાક સ્વરુપ ધારણ કરતાં રહ્યા છે. હથિયારો બદલાતાં રહ્યા છે પણ અંતિમ ધ્યેય તો સામા માણસનું મોત જ રહ્યુ છે. અણુયુદધની વિભીષિકાથી વાકેફ હોવા છતાં દુનિયાનાં શાંતિપ્રિય દેશ તરીકેની પ્રતિષ્ઠા ધરાવતા ભારતને પણ અણુશક્તિ બનવાની આવશ્યકતા લાગી હતી તે ભૂલવાં જેવું નથી. દુનિયા આખીને ગજવે ઘાલીને ફરતા અમેરિકા સામે ચીન ઘુરકિયાં કરતું થયું તે એની અણુતાકાત અને સેનાને કારણે જ. પુતિન એક એવા રાષ્ટ્રના નેતા છે જે કયારેક અમેરિકા માટે એક માત્ર આંતરરાષ્ટ્રીય હરીફ હતું. અત્યારે તો ચીન ચિત્રમાં આવી ગયું છે. પરંતુ પુતિન રશિયાની એ ગુમાવેલી ગરિમા અંકે કરવા મેદાને પડેલો ખૂંખાર યોધ્ધો છે. જેને આબરૂ-ફાબરૂની પડી નથી. એ રણે ચડેલો રાક્ષસ બની જાય એ પહેલાં એને રોકવાની જરૂર છે. યુક્રેન એના આત્મગૌરવ ખાતર કબર બની જવા તૈયાર બેઠું છે. મહિલાઓએ પણ હથિયાર ધારણ કરી લીધાં છે. કોઈ પણ સંજોગોમાં એ રશિયાની શરતોએ સમાધાન કરવા તૈયાર નથી. પાડોશી દેશોની સરહદો પર સમાધાન માટે ચાલતી મંત્રણાઓ નિષ્ફળ નીવડી છે. રશિયાને ભારે ખુવારી વેઠવી પડી છે અને ગણતરીનાં કલાકોમાં કીવ હસ્તગત કરવાનું સપનું રોળાઈ જતાં તથા આંતરરાષ્ટ્રીય સ્તરે એકલું પડી જતાં એ વધારે રઘવાયું બન્યું છે. પુતિને એમની આંગણીના ટેરવે વળગાડ રાખેલો વિનાશક અણુબોમ્બ ફોડવાની તૈયારી રાખી છે. આવું થશે તો ભારે વિનાશ સરજાશે. નાછૂટકે નાટોના દળો અને અમેરિકા બોમ્બનો જવાબ બોમ્બથી જ આપશે. એથી યુક્રેન સહિત રશિયા અને બીજા ઘણા દેશોની ભૂગોળ બદલાઈ જશે. કદાચ એકબીજાને ફૂટી આંખે નહીં ભાળનારા પુતિન અને જેલેન્સ્કી પણ રાખની ઢગલીઓમાં દબાઈ જશે. યુદ્ધ અટકવું જોઈએ. તાંડવનૃત્ય રોકાઈ જવું જોઈએ. કોઈ સુદર્શન ચક્રધારી છે ખરો આ પૃથ્વીનાં પટ પર ?

# અઢી વર્ષે સિનેમાગૃહમાં - ગંગુબાઈ કાઠિયાવાડી

મન-રંજન
દ્વનિલ પારેખ



બે - અઢી વર્ષ પછી તમે સિનેમાગૃહમાં પગ મૂકો ત્યારે સ્વાભાવિક છે, કે તમને કશુંક નવું જોવાની ઉત્કંઠા રહે. તમે ફિલ્મ જોયા પછી જરાક આનંદ લો, અને કશુંક સારું જોયાનો સંતોષ પણ રહે ! સામાન્ય રીતે ભારતીય સિનેમામાં વેશ્યાવૃત્તિને લઈને ઘમી ફિલ્મો બની છે. કોઠા પર નાચતી અભિનેત્રીઓની દુનિયાને ધ્યાનમાં રાખીને પણ ઘણી ફિલ્મો બની છે. રેખા અભિનિત 'ઉમરાવજાન' યાદ આવે. આ પ્રકારની ફિલ્મોમાં અમક રંગોનો ઉપયોગ અને ઝાકઝમાળ જે રીતે દર્શાવવામાં આવતી હોય છે એ આંજી નાખનારી હોય છે.

સંજય લીલા ભણશાલી દિગ્દર્શિત અને આલિયા ભટ્ટ અભિનિત 'ગંગુબાઈ કાઠિયાવાડી' એ રીતે આ જ વિષયને લઈને બનેલી જરા જુદી અને જોવાલાયક ફિલ્મ છે. મુંબઈનો કમાટીપુરા વિસ્તાર આ માટે જાણીતો છે. ત્યાંની સ્ત્રીઓની બદતર સ્થિતિ સુધરે એ માટે ગંગુબાઈ પ્રયત્નો કરે છે. આજે પણ ગંગુબાઈના ફોટા કમાટીપુરામાં જોવા મળે છે. વેશ્યાવૃત્તિને કાયમી હક્ક મળે અને એમનાં બાળકોને સારું શિક્ષણ મળે એ માટે ગંગુબાઈ સંઘર્ષ કરે છે અને ધીમે ધીમે એમાં સફળ થાય છે. વેશ્યાવૃત્તિ એ સૌથી જૂનો વ્યવસાય છે અને છતાં બદનામ છે, શા માટે ? એમને પણ ઈજ્જતપૂર્વક જીતવાનો અધિકાર છે અને એ માટે ગંગુબાઈ કમાટીપુરામાંથી રઝિયા




બાઈની સામે ચૂંટણી પણ લડે છે અને જીતે પણ છે.

'માફિયા ક્વીન' પુસ્તક પરથી પ્રેરિત આ ફિલ્મ કોરોના કાળ પછીની કદાચ સૌથી મહત્ત્વની ફિલ્મ ગણી શકાય. લોકો હજી સિનેમાગૃહ તરફ પોતાના પગલાં ઓછાં પાડે છે છતાં આ ફિલ્મ લોકોને સિનેમાગૃહ તરફ વાળશે. ફિલ્મના દિગ્દર્શક સંજય લીલા ભણશાળી પોતે ગુજરાતી હોવાથી ફિલ્મને ગુજરાતીપણાનો સ્પર્શ મળે એ સ્વાભવિક છે. ફિલ્મમાં બે ગરબા ઉપરાંત હૃદયસ્પર્શી ગીતો છે. સંજય લીલા ભણશાળી પોતે સંગીત પણ આપે છે. ફિલ્મનો પ્રારંભ જ મિર્ઝા ગાલિબની શાયરીથી થાય છે અને અમુક દશ્યો વખતે પાછળ આવતો આલાપ દશ્યની સંવેદનામાં વધારો કરે છે. ગંગા જગજીવનદાસ કાઠિયાવાડી ગંગુબાઈ કાઠિયાવાડી કેવી રીતે બને છે અને બન્યા પછીનો સંઘર્ષ અભિનેત્રી આલિયા ભટ્ટે સંવેદનશીલ અભિનય દ્વારા બતાવ્યો છે.

ભવ્ય સંકુલ, રંગોની ઝાકઝમાળ અને અમુક રંગો-રોગાન કરીને લાલ રંગનું ભણશાળી વળગણ છે, જે એમની અગાઉની ફિલ્મોમાં જોઈ શકાય છે. એ રીતે અહીં લાલ રંગ મોટે ભાગે ગેરહાજર છે અને કોઠા પરની ઝાકઝમાળ પર ગેરહાજર છે. સૌથી અગત્યની વાત એ છે કે ગંગુબાઈને સફેદ રંગની દમદાર સાડીમાં આખી ફિલ્મમાં બતાવી છે. સામાન્ય રીતે આ રંગ વિધવા સ્ત્રીઓ માટે હોય છે. પણ અહીં તો ગંગુબાઈ માટે વાપરીને દિગ્દર્શકે કમાલ કરી છે. ગંગા ગંગુબાઈ બને છે અને ઓટલા પર ઊભી રહીને ગ્રાહકોને આકર્ષવા માટેની શરુઆત કરે છે ત્યારે લોંગશોટમાંથી શરૂ થયેલું દશ્ય ધીમે ધીમે જાણે એ શૉ રૂમની બહાર મૂકેલું પૂતળું હોય એ રીતે દર્શાવ્યું છે. ફિલ્મમાં એવી ઘણી નાજુક અને સંવેદનશીલ ક્ષણો છે. દેવાનંદનો ચાહતી ગંગુબાઈને સાચો પ્રેમ મળે છે ત્યારે દેવાનંદના ફોટાને ઊંધો પાડી દે છે કે રહીમ લાલા (અજય દેવગણ) ને મળવા જાય છે ત્યારે ગંગુ અને રહીમ લાલાની વચ્ચે બેક ગ્રાઉન્ડમાં દેખાતી મસ્જિદ અને એ દ્વારા થતું સૂચન, 'મેરી જાન...' ગીત વખતે ગંગુના ધીમે ધીમે બદલાતા હાવભાવ, ચૂંટણી જીત્યા પછી અને એને જાહેરસભામાં બિન્દાસ પોતાના હક માટે ભાષણ કરતી ગંગુબાઈ - આલિયા ભટ્ટની અભિનેત્રી તરીકેની ક્ષમતાને પ્રગટ કરે છે. સંવાદ લેખક પ્રકાશ કાપડિયાને પણ દાદ આપવી પડે એવા સંવાદો છે. ફિલ્મના ઘણાં દશ્યો આંખને ઠારે એવા છે પણ એ માટે તો ફિલ્મ જોવી રહી !

### દિન મહિમા

- સૂર્યનારાયણ વ્યાસની જન્મજયંતિ, ભારતની આઝાદીના ચોક્કસ સમયનું મુર્હુત કાઢનાર જ્યોતિષી.
- સરોજિની નાયડુની પુણ્યતિથિ - ભારતના મહાન સ્વાતંત્ર્ય સનાની. અને પ્રથમ મહિલા ગર્વનર.

### આજનું ઔષધ

- ફેફસાની નાની મોટી તકલીફોમાં શતાવરીનું ચૂર્ણ અને સાકર દૂધમાં ઉકાળી લાંબો સમય લેવાથી સારો ફાયદો થાય છે.

### ખડખડાટ

- શિક્ષણ : કાલે કેમ સ્કૂલ નહોતો આવ્યો ?
વિદ્યાર્થી : કાલે જે સ્કૂલે આવ્યાં એમને કલેકટરે બનાવી દીધા કે શું ?

### આજનો વોટ્સએપ

- દરેક માણસ હોંશિયાર જ હોય છે. બસ, વિષય અલગ અલગ હોય છે.

# 'કાગળ લઈ સંબધો બધાં લખવા બેસીએને લાગણીઓ બધી અભણ નીકળે એમ પણ બને'

એમ પણ બને...
પારૂલ અમિત



સંબધોમાં દરવાજા નથી હોતા છતાં પ્રવેશદ્વાર બંધ થઈ જતા હોય છે.

બધું બરાબર અને ગોઠવણમાં છે એવું લાગવા છતાં ઘણાં બધા વાંધા વચકા સાથે સંબધો મૌન થઈ જાય છે તો ક્યાંક બૂમો બરાડા સાથે ભાંગી પડે છે.

ભાવનાત્મક કેટલું રહેવાય?

આ ચાહત ક્યા ઓસરી જતી હશે? મારાં બેસ્ટ, મારાં વ્હાલા, મારી લાડકીની રેખાઓ અચાનક શા માટે પાતળી કે આછી થઈ જાય છે.

બંન્ને બાજુના સાથ-સહકારથી જ સંબંધોમાં ઉર્મી જીવનભર ફેલાયેલી રહે છે, પણ એક વ્યક્તિ કેટલો ફેલાયેલો રહે.

શા માટે પોતાના જ અંશ કયારેક પારકા લાગે છે?

અળગા, સ્વાર્થી આવા ઉપનામો સાથે કડવા પ્રસંગો બને છે.

જરૂરીયાત હોય ત્યારે સંબધ સંબધ બાકી ત્યાગ કોઈને કરવો હોતો નથી.

સરખામણી થવા લાગે ત્યારે જ સંબધો વિખરાઈ જતા હશે.

સમાનભાવ,સહનશીલતાને સ્વભાવમાં સમાવવી આપણા જ હાથમાં હોય છે, તો હાથ કેટલા અને ક્યાં સુધી ફેલાયેલા રાખવા.

સંબધોમાં અસલી ને નકલી આત્મીયતા નો ભેદ પારખતા સમય તો લાગતો જ હશે. આજકાલ નજીકના સંબધો કરતા

**સંબંધોને જેમ વાળો એમ એ વળતા હોય છે, પણ હવે સીધા બટકી જતા હોય છે. એને તમારી સાથે જીવીત રાખો યાદોમાં...**

ઓનલાઈન સોશિયલ મીડિયાના સંબધો વધુ પ્રેમાળ લાગે છે, કારણ નજીકનાં સંબધ દૂર થતા જાય છે.

વર્તનમાં કોઈ આડંબર નહી, જે હોય એ છલોછલ ઉભરાય, જરૂર લાગે તો બ્લોક અને તરત અન બ્લોક..

બાકી અહીંયા તો બ્લોકેજ નથી હોતું પણ અંતર હોય છે. ઈગો થી ભરેલું.

દુ:ખી રહેવું, કોસવું કે બહાર બદનામ કરવું એના કરતા સ્પેસ આપવી યોગ્ય છે. જો રિયલાઈઝ થાય તો ઠીક બાકી પરસ્પરની લાગણીનો અભાવ અને ઉપેક્ષાને સ્વીકારી લેવી.

સંબંધોને જેમ વાળો એમ એ વળતા હોય છે, પણ હવે સીધા બટકી જતા હોય છે.

એને તમારી સાથે જીવીત રાખો યાદોમાં..

સંબધો પણ સકારાત્મક રાખવા બાકી ખરબચડા અને બટકણા નુકસાન પહોંચાડે છે.

સંબંધો આપણને સહયોગ, સમર્થન, હિંમત અને શાંતિ જરૂર આપે છે.પણ આ શાંતિ ગાયબ થતી લાગે તો કરુણા અને દર્દ વધે છે અને સંબધો બગડે છે .

દરેક વ્યક્તિ પોતાની જગ્યાએ સાચો જ હોય છે,.

કોઈ ગમે તેટલો સમર્થ કેમ ન હોય,અંદરથી ક્યાંક ને ક્યાંક, કોઈ રૂપમાં ચોક્કસ નબળો હોય છે, અને આ વાત અમુક સંબધો સમજી શકતા નથી હોતા.તો સ્પેસ એટલે જ જરૂરી છે, સમજવા માટે.

જીવનમાં ઘણા સમયે વ્યક્તિના સંજોગો, સમય, વિચારો આ બધી બાબતો પર પરીવર્તન આવે છે અને તેની અસર સંબંધો પર જરૂર થાય છે. જીવનમાં ક્યારેય તમે જે વ્યક્તિની ખૂબ જ નજીક રહેતા હોય તે વ્યક્તિ તમારાથી અચાનક જ દૂર પણ થઈ જાય છે, પણ તેવા સમયે ધીરજ રાખવી ખૂબ જ જરૂરી બની રહે છે.

કોઈપણ સંબંધ મેળવીને નહીં પરંતુ પામીને જ જીવનપર્યંત તમારી સાથે રહે છે.

અને જો એ આપણા હશે તો પામી લેવાશે જરુર.

ઈન્ટરવલ આવે તો બેસી રહેવા કરતા ફ્રેશ થઈને એકલા એકલા પોપકોર્ન ની મજા માણી લેવાય.

દુ:ખ જરૂર થશે પણ જીવનમાં સમયની સાથે સાથે સંબંધોનું વર્તુળ મોટું થતું જ જાય છે અને ઘણીવાર આ વર્તુળ સંકોચતું પણ લાગે છે પણ આસમયે તમારી સૌથી નજીક કોણ છે એ જોવું અને દિલ હળવું કરી લેવું. જે લોકો વધારે ચડામણી કરતા, ઉશ્કેરતા હોય એમનાથી દૂર રહેવું.

સંબંધોમાં ગૂંચવણ કે અવિશ્વાસ ના હોવો જોઈએ બસ સ્પેસ હશે થોડો સમય તો ચાલશે .

'ગૂંચવણ અને ગેરસમજ ગણવા બેસીએ
જુના વિસરાયેલા સંબંધીઓ ગણવા પડે એમ પણ બને'

# સુખ-દુ:ખના વ્યાપાર હોતા નથી છતા યુદ્ધો અટકતા નથી!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com



**ફૂલો જોઈ થાતું માન**
**કેવા સુંદર છે ભગવાન**
**ચાલો દુ:ખો ચાવી જઈએ**
**અર્ધું અર્ધું ખાશુ પાન**
**એના નામે ઝાંઝર પહેર્યા**
**તેથી લાગુ જાજરમાન**
**જ્ઞાનપીઠ પંખી શું કરશે ?**
**વૃક્ષ કરે જેનું બહુમાન**
**મારી સામે એણે જોયું**
**મારું કેવું ઊંચું સ્થાન !**
**સુખને ઈશ્વર બંને સરખા**
**બંને રહેતા અંતરધ્યાન**
**- મુકેશ જોષી**

પૃથ્વી ઉપરનાં પ્રત્યેક સજીવને સારી હાલતમાં અસ્તિત્વમાં રહેવાનું પસંદ છે છતાં અહીં બધા જ જીવો અત્યંત પરેશાન છે. માનવી સામાજિક જીવ છે તેથી સમાજ તેની અગ્રતામાં રહે છે તેમ છતાં કેટલાક લોકો, લોકોના જ દુશ્મન બની જાય છે ત્યારે જીવન ભારરૂપ લાગવા માંડે છે. ઈશ્વરનો ચોક્કસ હેતુ દરેકના જન્મ સાથે સંલગ્ન હોય છે જે કોઈ વાંચી કે જોઈ શકતું નથી. હેતુ પૂર્ણ થઈ જાય કે ક્ષણનોય વિલંબ થયા વિના એ જીવ પંચમહાભૂત તત્ત્વોમાં ભળી જાય છે. પૃથ્વી પરના આ જીવનપ્રવાસમાં ખેલદિલીથી સ્વયંની ભૂમિકા નિષ્ઠાપૂર્વક અદા કરવી તેનું નામ જ સાચી ઈન્સાનિયત કે માનવતા એવું કહી શકાય. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે અહીં શાશ્વત કોઈ થઈ શકતું નથી, છતાં ઘમંડ, દ્વેશ, ઈર્ષ્યા, વેરઝેર અટકતા નથી એ જ મોટી કરુણતા છે. જે મળ્યું તેણે માણવાનું કોઈ વિચારવાના બદલે બીજા સાથે સ્પર્ધા ભરી દષ્ટિએ સૌ જીવે છે તેથી પ્રશ્નો વધતા જાય છે. રાખના રમકડા છે જેને રામે રમતા રખ્યા છે ત્યાં બહુ બધી અપેક્ષાઓ ધૂળમાં જ મળે તેવું જીવનનું અંતિમ સત્ય છે. સત્ય માત્ર સર્જક અને તે ઈશ્વર છે જે શ્રદ્ધા કે ભાવના મુજબ સમજાય કે અનુભવી શકાય છે.



કરવી સચ્ચાઈ યાદ રાખવી જ પડે છે.

'જયાં સુધી જીવીએ છીએ
ત્યાં સુધી જ આ બધું
આપણું છે.
અંતે તો આપણા દેહનું
પણ તાપણું જ છે!!'

મહામારી કોવિડની પક્કડમાંથી વિશ્વ પણ મહેનતે છૂટું પડ્યું ત્યાં વિશ્વયુદ્ધની વાતો અમલમાં આવવા માંડી આ બાબતથી માનવજાત ખુબ પીડિત છે! જમીન કે સંપત્તિના શાશ્વત માલિક કોઈ જ નથી તો શા માટે અહમ્ સાથે લડાઈઓ કરીને શું પ્રાપ્ત કરવાનું છે ? મહામૂલુ જીવન એ એક શુદ્ધ અવસર છે કે જયાં વ્યક્તિ અન્ય કાજે જીવીને શાંતિ જરૂર મેળવી શકે છે આ વાત સરળ હોવા છતાં સમજાતી નથી. ભારતના લોકો મનથી પણ સ્વસ્થ રહ્યા નથી ત્યારે યુદ્ધના લીધે જે નવા પરિણામો આવશે તો એ અત્યંત કષ્ટ ભોગવવા જ જીવશે એવું લાગી રહ્યું છે કેમ કે યુદ્ધથી વ્યાપાર - ધંધો, વ્યવહારો ઉપર ગંભીર અસર પડશે જે મોંઘવારીમાં પરિણમશે. આવકો વધી શકતી નથી અને જાવકવૃદ્ધિ અવિરત હોવાથી દિવસો માઠા આવી શકે છે એ ભય છે ! કેટલી નવાઈની વાત છે કે માણસો જીંદગી વધારવા માંગે છે પણ સુધારવા નથી માંગતા એટલે જ ઉગ્રવાહ, છળકપટ, હિંસા, વ્યસન વગેરે બંધ થતા જ નથી. બધું જ્ઞાન પોથીમાં પડ્યું રહ છે તેના અમલથી પુષ્ય જેવા હળવું જીવન શક્ય હોવા છતાં તે પ્રવેશી શકતું નથી. વૈશ્વિક મહાશક્તિના નશામાં ઘણા રાષ્ટ્રો તબાહ થઈ ગયા છતાં તે બંધ થઈ શક્યું નથી. જીવન સહેતુક હોય છે સાથે મર્યાદિત હોય માટે તેનાં હેતુને પાર પાડવામાં કુદરત પણ સહાય કરે છે પણ વિચારવા માટે કોઈ તૈયાર નથી તેથી વિવિધ પ્રકારે પતન આવી જાય છે. હાલની સ્થિતિ માટે એક શૅર સમજવા જેવો છે -

કોના કરૂ વખાણ સફરમાં
છે સાથીઓ
કાતિલ છે મોખરે અને
પાછળ કસાઈ છે !

પરહિત જેવો કોઈ ધર્મ નથી અને પરપીડા જેવી કોઈ અધમતા નથી. આવું રામચરિત માનસમાં સ્પષ્ટ લખાયું છે તેમ છતાં દૈવીગુણો કાળક્રમે લુપ્ત થઈ રહ્યા છે અને દુષ્ટતાનો વ્યાપ વધી રહ્યો છે જેનાથી જબરો વિનાશ થશે એ નક્કી છે! યોગી નહીં ઉપયોગી બનવું એ જ શ્રેષ્ઠ કર્મ છે બીજાનાં માટે કેટલીક ક્ષણો જીવવી એ અમૃત છે છતાં સ્વાર્થ લાલચ અને લુચ્ચાઈથી બચવા કોઈ તૈયાર નથી જે કલિકાળની પહેચાન કહેવાય છે. તંત ત્યાગ કરે એ સંતની પંક્તિમાં આવી જાય છે. બધા ધર્મો અંતે એક જ વાત પ્રગટ કરે છે કે માનવી તું ખરા અર્થમાં માનવ જીવન સાર્થક કર !! આપણે વિકસવું તો જરૂર છે પણ તેમાં ઝેરનું તત્ત્વ હટાવીને કે જેથી જીવનનો અર્થ સમજાય સુખને સ્પર્શી શકાય દુ:ખને ત્યજી શકાય કારણ કે સુખ-દુ:ખ ને ખરીદી કે વેચી શકાતા નથી તેને વહેંચવાથી શાંતિનો અહેસાસ જરૂર થાય છે. નારી-ભૂલકાં-ભિક્ષુક પરત્વે કરુણા ભરી સ્વચ્છ દૃષ્ટિ ઊભી થાય તો ઈશ્વરની કૃપા પણ મળે જ છે. કપટ કામુકતા અને વેરવૃત્તિથી મુક્તિ મળે તો જીવન અદ્દ્ભૂત અમૃત હોવાનો અનુભવ પણ થઈ શકે છે. ઈશ્વર બધાને સદ્દ્વૃત્તિ માર્ગે લઈ જાય તેવી નમ્ર પ્રાર્થના સાથે અસ્તુ !

**શેર આસ્વાદ :**
**અપની સુંદરતા દર્પણ મે નહિં**
**લોગોં કે હૃદય મેં હી ખોજો.**